# બારડોલી-વ્યારા ભાસ્કર

સુરત • શનિવાર • 20 મે, 2017 | કામરેજ › માંડવી | કીમ › કોસંબા | divyabhaskar.com


## તાપમાન

| તાપમાન | દિવસ | રાત્રે |
|---|---|---|
| બારડોલી | 37 | 28 |
| ગઈ કાલથી વધ્યુ/ઘટ્યુ | (-1.0) | (-0.0) |
| વ્યારા | 38 | 27 |
| નવસારી | 34.5 | 27 |

સૂર્યાસ્ત આજે 07.10 pm | સૂર્યોદય કાલે 05.57 am

## પહેલાં ગુડ ન્યૂઝ

### નવસારીમાં બુઝુર્ગો કા હમસફર કાર્યક્રમ યોજાશે

**નવસારી** | બેંક ઓફ બરોડાના નિવૃત્ત ઓફિસર એસોસિએશન વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. નિવૃત્ત થયેલા પરિવાર માટે આરોગ્ય, મનોરંજક તેમજ લાભપ્રદ કાર્યક્રમો યોજાયા છે. 21મીને રવિવારે સવારે 9 કલાકે ડો. આંબેડકર ભવન કાલીયાવાડી, કલેકટર ઓફિસ નજીક નવસારીમાં બુઝુર્ગો કા હમસફર કાર્યક્રમ યોજાશે. સુરતના વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતો જેમાં ડોકટરો, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નિવૃત્તોને આરોગ્ય-તંદુરસ્તી તેમજ આર્થિક રીતે પગભર થવાના કિંમતી સૂચનો આપે છે.

## ન્યૂઝ ફટાફટ

### ધરમપુરી ખાતે નવ ગામનો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

**ઉનાઈ** | ધરમપુરી ખાતે નવ ગામના સેવાસેતુનો કાર્યક્રમ પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. જેમાં 2337 અરજીઓની હકારાત્મક જવાબ આપતા સ્થાનિકોને રાહત થવા પામી હતી.નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં કુલ 10 ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે જે પૈકી ધરમપુરી ક્લસ્ટરમાં 9 ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ધરમપુરી પ્રાથમિક શાળામાં સેવાસેતુનો કાર્યક્રમમાં તાલુકાના અધિકારીઓની થતા સરપંચની હાજરીમાં સેવાસેતુનો કાર્યક્રમ પાર પાડવામાં આવ્યો હતો. જેમાં 3207 જેટલા ગ્રામજનો હાજર રહ્યા હતા અને 2337 અરજીઓ મળી હતી.

**કાર્યક્રમોની માહિતિ, પ્રેસનોટ અને સમાચાર માટે વોટ્સએપ અથવા ઇ-મેઇલ કરો**
**9978910035**
bardolibhaskar@gmail.com

## અંદર વાંચો


ઝીંગાતળાવની કામગીરી નહીં અટકે તો ભૂખ હડતાળ (પેજ-4)
માંગરોળ-ઉમરપાડાના 8 માર્ગો 11 કરોડના ખર્ચે બનશે (પેજ-4)
પોલીસ પ્રોટેક્શન છતાં દેગામાની ગ્રામ સભાનો બહિષ્કાર (પેજ-4)


## પંચ તંત્ર



કેજરીવાલજી, આ કપીલ મીશ્રા નથી બોલતા આ તો છાપરે ચડી પાપો બોલે છે.

## ઓલપાડ તાલુકામાં મોટાપાયે દેશી દારૂ માટે અખાદ્ય ગોળ ગોળનો વેપલો

# ભારૂડીના સરપંચને ત્યાંથી 8 લાખથી વધુનો અખાદ્ય ગોળ- નવસાર ઝડપાયું

### 2000 ગોળનાં બોક્સ, 35 ગૂણ નવસાર, 1 ટ્રક સહિત 23 લાખનો મુદ્દામાલ

ભાસ્કર ન્યુઝ | ઓલપાડ





ગોળનાં બોક્સ, 35 ગુણ નવસાર, 1 ટ્રક સહિત 23 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ઓલપાડ તાલુકાના ગામોમાં મોટાપાયે દેશી દારૂ બનાવવા માટે ના પીઠા ધમધમી રહ્યા છે ત્યારે દારૂ બનાવવા માટે નો અખાદ્ય ગોળ અને નવસાર સહિતની સામગ્રી વેચવા નો વેપલો પણ મોટા પાયે ચાલતો હોઈ જિલ્લા પોલીસ વડાને મળેલી બાતમીના આધારે જિલ્લા એલ.સી. બી રેડ કરતા અખાદ્ય ગોળ અને નવસાર ના લાખોના ઝથ્થા ભરેલી ટ્રક સાથે ગામનો સરપંચ સહિત અન્ય ત્રણની ધડપકડ કરવા સાથે એકને ભાગેડુ જાહેર કરાયો છે .

વિગતવારની માહિતી મુજબ ઓલપાડ તાલુકાના ગામોમાં મોટાપાયે દેશી બનાવટનો દારૂ બનાવવા સાથે તાલુકામાંથી સુરત શહેરમાં સપ્લાય કરવાનો વેપલો ચાલતો આવ્યો છે ત્યારે તાલુકામાં દેશી બનાવટનો દારૂ બનાવવા માટે કામે લેવાતો અખાદ્ય ગોળ અને નવસાર સહિતની સામગ્રી વેચવાનો પણ મોટાપાયે વેપલો ચાલતો હોઈ ઓલપાડ તાલુકાના ભારુંડી ગામે મોટાપાયે અખાદ્ય ગોળ અને નવસાર ના મોટા જથ્થાની ડીલેવરી થવાની હોવાની જિલ્લા પોલીસ વડા નિર્લિપ્ત રાય ને મળેલી બાતમીના આધારે જિલ્લા એલ.સી. બી ને રેડની કામગીરી સોંપતા ઓલપાડ તાલુકાના ભારુંડી ગામે જઈને ગામનો સરપંચ ચેતનભાઈ મનહરભાઈ પટેલ ના રહેણાંક ઘરના ગોડાઉનમાં તથા ગોડાઉનની સામે તથા ગામની મધ્યે કરિયાણાની દુકાન નો માલિક આશારામ ગોમજી ગુર્જર ઉ.વ 56 રહે હાલ ભારુંડી તા-ઓલપાડ મૂળ રહે લક્ષ્મી પુરા તા- આમેટ રાજસ્થાન ની દેવકૃપા જનરલ સ્ટોર વાળા મકાનના વાડાના ભાગે થી અખાદ્ય ગોળના 2000 નંગ બોક્ષ 20,000 કિલોની કિંમત રૂ. 8,00,000 તથા 35 ગુણ માં સફેદ પાવડર સ્વારૂપનો નવસાર 875 કિલોતથા એક ટ્રક નંબર એચ.આર -55, ટી- 2667 ની કિંમત રૂ.15,00,000 તથા મોબાઈલ મળી કુલ્લે 23,12,750 ના મુદ્દા માલ સાથે ગોળ મંગાવનાર આશારામ ગોમજી ગુર્જર તથા ભારુંડી ગામનો સરપંચ ચેતનભાઈ મનહરભાઈ પટેલ તેમજ ટ્રક માં ગોળ લઈને આવનાર સાકીર હકુમુદ્દીન પઠાણ ઉ.વ 23 રહે ખોયરી જમાલપુર તા-બલંગન્ડ થાણા ફરીદાબાદ હરિયાણા અને તૈયબઅલી કમરુદ્દીન પઠાણ ઉ.વ 24 રહે ખોયરી જમાલપુર તા- બાલમગંળ ફરીદાબાદ હરિયાણા મળી ચારની અટક કરવા સાથે મેસર્સ રઘુનાથ ટ્રેડિંગ કંપની નવીન મુઠ્ઠી મુરાદનગર ગાજીયાબાદ યુ.પી વાળનો માલિક ને ભાગેડુ જાહેર કરી તમામ વિરુદ્ધ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

જિલ્લા પોલીસ વડા નિર્લિપ્ત રાય દ્વારા પ્રોહિબિશન ના કાયદાનો કડક પણે અમલવારી કરાવવા કાયદેસરની કાર્યવાહીઓ કરાવવા છતાં ઓલપાડ પોલીસની રહેમનજર હેથર તાલુકામાં મોટાપાયે દેશી બનાવટનો દારૂ બનાવવા વેચવાનો અને દારૂ બનાવવા ના રસાયણ નો ચાલતો વેપલો જિલ્લા એલ.સી.બી ની કામગીરી ખુલ્લી પડવા સાથે ઓલપાડ પોલીસ ઊંઘતી ઝડપાઇ છે.

### ગોડાઉનમાંથી શું-શું મળ્યું

- અખાદ્ય ગોળના- 2000 નંગ બોક્ષના રૂ. 8,00,000
- 35 ગુણ નવસાર રૂ. 8750
- ટ્રક કિંમત રૂ.15,00,000
- મોબાઈલ 4000

**કુલ 23,12,750નો મુદ્દામાલ જપ્ત**

## લુહારવડમાં બાઈક સ્લીપ થતાં બેને ઈજા

**બારડોલી** | માંડવી તાલુકાનાં લુહારવડ ગામે કાંટણફળિયા ખાતે રહેતા પ્રફુલ જીવણ ચૌધરી અને તેમના બે મિત્રો સૂજીત બાબુ ચૌધરી અને અંકુલાશ અરવિંદ ચૌધરી આ ત્રણેય જણાઓ તા-18-5-2017ના રોજ બપોરે 3 વાગ્યે હીરોહોન્ડા સ્પ્લેંડર નંબર જીજે-5-એએન-9416 પર નીકળ્યા હતા. દરમ્યાન માંડવી ઝંખવાવ રોડ પર વિસદાલીયા ગામની સિમમાંથી પસાર થતી વેળાએ બાઈક ચાલક પ્રફુલ ચૌધરીએ સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતાં બાઈક સ્લીપ થતાં પાછળ બેઠેલ બંને મિત્રોને ઈજા પહોંચાડી હતી. જે અંગે સૂજીત ચૌધરીના ભાઈ કાર્તિકએ પોલીસમાં ફરિયાદ આપી હતી.

# હરીપુરા ગામે પતરાના શેડ પરથી પટકાતાં યુવકનું મોત

### નીચે પટકાતાં માથામાં ગંભીર ઈજા થઈ હતી

ભાસ્કરન્યૂઝ | બારડોલી

પલસાણા તાલુકાનાં હરીપુરા ગામે છત્રાલા શોપિંગ સેન્ટરની પાછળ આવેલ અશ્વિનભાઈની જગ્યામાં પતરાના સેડ બાનવતો કામદાર સેડ ઉપરથી પટકાતાં થયેલી ગંભીર ઈજાના કારણે તેનું મોત નીપજ્યું હતું.

પલસાણા તાલુકાનાં હરીપુરા ગામે છત્રાલા શોપિંગ સેંટરની પાછળના ભાગે આવેલી અશ્વિનભાઈની જગ્યામાં પતરાના સેડ બનાવવાની કામગીરી ચાલતી હતી. 18મી મેના રોજ ચાર કલાકે દિનેશ સચદેવ યાદવનાઓ પતરાના સેડ ઉપર ચઢીને સેડ બનાવવાની કામગીરી કરતાં હતા ત્યારે તેઓ લોખંડની કેચી ઉપર બેઠા હતા. અને કેચી તૂટી પડતાં તેઓ નીચે પટકાતાં તેને માથાના તેમજ પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.જેથી તેને સારવાર માટે હોસ્પીટલમાં લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથધરી હતી.

## દારૂની ખેપ માટે નવો પેંતરો, કારની બોનેટમાં દારૂ સંતાડી વેપલો



બારડોલીના તેન ગામે સુરુચિ વસાહતની સામે હાઈવે પરથી પસાર થતી એક શંકાસ્પદ કારને રોકી બારડોલી પોલીસે તલાસી લેતાં કારના એન્જિનમાંથી 42 બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિમત રૂ. 21 હજાર હોવાનું પોલીસે જણાયું હતું. પોલીસે કારમાં સવાર યોગેશ ગોપાલ પટેલ (તાંબડી, તા. વાપી) અને પ્રદીપ રાજેશ પટેલ(ટૂંકવાડા,વલસાડ)ની ધરપકડ કરી હતી. 2 મોબાઈલ રૂ. 1000 તેમજ સેંટ્રો કાર રૂ . 63 હજાર મળી કુલ 85 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ફિરોજ (રહે બારડોલી) અને સુનિલ ધીરુ રાઠોડ (સોયાણી, તા. પલસાણા)ને વોન્ટેડ જાહેર કર્યા હતા.

# યુવક લઘુશંકા માટે ઊભો રહ્યો ને તસ્કરો રૂપિયા 68 હજારનું પાકીટ ઉઠાવી ગયા

### બારડોલીનો યુવાન વ્યારાથી લોનના રૂપિયા કલેક્શન કરી ઘરે જતો હતો

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

બારડોલી તાલુકાનાં કીકવાડ ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર 53 પર લઘુશંકા માટે ઊભા રહેલા યુવકની મોટર સાયકલ પર મુકેલ 68 હજાર રોકડા અને જરૂરી ડૉક્યુમેન્ટ મુકેલ પાકીટની ચોરી કરી તસ્કરો નાસી છૂટ્યા હતા.જોકે, પોલીસને જાણ થતાં નાકાબંધી સાથે તપાસ કરી હતી. પરંતુ તસ્કરો ભાગી ગયા હતાં. પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર બારડોલીના તેન ગામે આવેલ પંચવટી સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા અમરસિંગ ફતેસિંગભાઈ પાડવી બેંગ્લોરની લોક મેનેજમેંટ સર્વિસ પ્રા. લી. સેન્ટરની બારડોલી બ્રાન્ચમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. જે વ્યારાના ગામડાઓમાં જઈ બહેનોનું ગ્રૂપ બનાવી લોન આપવાનું અને ત્યારબાદ કલેક્શન કરવાનું કામ કરે છે. ગુરુવારના રોજ દિવસ દરમ્યાન મોટર સાયકલ નંબર જી.જે. 26એમ 8928 લઈ વ્યારાના જુદા જુદા સ્થળો પર જઈ બહેનો સાથે મિટિંગ કરી અને કલેક્શનના રૂ.68,690 રૂપિયા

અનુસંધાન પાના નં. 2

### અલગ- અલગ જગ્યાએથી ઉઘરાણી કરી હતી

અમરસિંગ પાડવીએ પ્રથમ વ્યારાના સિંગી ફળિયામાં સિતાબેન ગામીતને ત્યાં મિટિંગ કરી 19 હજાર 120 રૂપિયા કલેક્ટ કર્યા હતા. મુસા ગામેથી મેઠાબેનને ત્યાં પણ મિટિંગ કરી રૂ.10 હજાર 500, વ્યારાના આશાવાડીમાં હેમલતાબેનને ત્યાં મિટિંગ કરી 13 હજાર 800 અને રામપુરા ગામેથી સોનલબેન ગામિતને ત્યાંથી રૂ.14 હજાર 500 એકત્રિત કર્યા હતા.

### ઉઘરાણીમાં મોડું થયું ને રસ્તે ચોરીની ઘટના બની

વ્યારાના દરગાહ પાસે રહેતા રચનાબેનને ત્યાં મિટિંગ કરી કલેક્શન કરવાનું હતું. ત્યાં જતાં જતાં હરિજાબેન અને વાહિદાબેન લગ્નમાં ગયા હોવાથી મોદી સાંજે આવશે એમ જણાવ્યુ હતું. જેથી વ્યારામાં રાત્રે નવ વાગ્યા સુધી વાર જોઈ પરંતુ પરત ઘરે ન આવતા અમરસિંગ વસાવા ત્યાંથી બારડોલી આવવા નીકળ્યો હતો અને કીકવાડ પાસે ચોરીની ઘટના બની હતી.

## ટ્રકની ટક્કરે બાઈક સવાર દંપતીને ઈજા

**બારડોલી** | કામરેજ તાલુકાનાં નવીપારડી ગામની સીમમાં નહેર પાસે મુંબઈથી અમદાવાદ તરફ જતાં હાઈવે પર તા- 17-5-2017ના રોજ સાંજે 7:30 કલાકે મોટરસાઈકલ પર અરવિંદભાઈ પઢિયારા અને તેમની પત્ની પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન એક અજાણ્યા ટ્રકના ચાલકે તેના કબજાની ટ્રક પૂરઝડપે અને ગફલતરીતે હંકારી આવી અરવિંદભાઈની મોટરસાઈકલને ટક્કર મારતા નીચે પટકાતાં તેમની પત્નીને ઈજાઓ થતાં હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે અરવિંદભાઈએ અજાણ્યા ટ્રક ચાલક વિરુધ્ધ કામરેજ પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે આગળની કાર્યવાહી હાથધરી હતી.

# વ્યારામાં દર્દીના મોત કેસમાં 3 ડોક્ટરોની ધરપકડ

### વ્યારાની મહાવીર હોસ્પીટલમાં 1 દર્દીના મોત બાદ પરિવારે ફરિયાદ નોંધાવી હતી

ભાસ્કર ન્યૂઝ | વ્યારા



વ્યારા નગર ખાતે દર્દીના મોત પકરણમાં 3 ડોક્ટરોની પોલીસે અટક કરી.

વ્યારા નગર ખાતે આવેલી મહાવીર હોસ્પિટલના ડોક્ટર મોન્ટુ કોઠારી અને એનેસ્થેટીસ્ટ ડો. દિવ્યેશ શાહ ને દર્દી પ્રત્યેની બેદરકારી રાખનાર ભારી પડી હતી.સાથે પોલીસની માંગણીઓ છતા પોલીસને નિયમ અનુસાર અભિપ્રાય નહી આપનાર વ્યારા સિવિલ હોસ્પિટલના જવાબદાર 2 તબીબો સામે પણ ગુનો છુપાવાની હરકતના પગલે વ્યારા પોલીસ મથકે ડોક્ટરોઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જે પ્રકરણમાં વ્યારા પોલીસ આજ રોજ બે ખાનગી ડોક્ટરો અને સિવિલ સર્જનની બેદરકારી બદલ ગુનો નોંધ્યો હતો. તેમની ધરપકડ કરાઈ હતી. જ્યારે સિવિલના ચોથા ડોક્ટરની સાંજે ધરપકડની તજવીજ હાથ ધરી હતી.

વ્યારા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ તારીખ ૨૭/૦૧/૨૦૧૬ના રોજ તાપી જિલ્લાના સોનગઢ ગામ માંડળના વતની આદિવાસી યુવક ૩૫ વર્ષીય રણજીતભાઈ ગામિત પેટના દુખાવા બાબતે મહાવીર હોસ્પિટલના ડો. મોન્ટુ કોઠારીને ત્યા સારવાર લેવા ગયેલા.ડો. મોન્ટુ કોઠારી નાઓ એ

### નગરના નામાંકિત 3 ડોક્ટરોની અટક

વ્યારા ખાતે એક દર્દીના મોતના ગુનામાં વ્યારા મહાવીર હોસ્પિટલના ડો.મોન્ટુભાઈ સતીશચંદ્ર કોઠારી તેમજ એનેસ્થેટીસ્ટ ડો. દિવ્યેશ શાહ તેમજ પીએમ રિપોર્ટ સમયસર ન આપનાર સિવિલના તબીબો ડો.નેતિકભાઈ ચૌધરીની અટક કરાઈ હતી. જ્યારે સિવિલના અન્ય ડો. આલોકક્રિષ્ન જે. ચાંડકની અટકની તજવીજ બાકી હતી.

રણજીતભાઈ તથા તેમના પરિવાર જનોને જણાવેલ કે રણજીતભાઈને મસાની

અનુસંધાન પાના નં. 2

# બારડોલીની યુવતી બસમાં બેસીને ક્યાંક જતી રહી

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

બારડોલીના અકસાનગરમાં રહેતી 19 વર્ષીય યુવતી લિનિયર બસ સ્ટેન્ડ પરથી બસમાં બેસી ક્યાંક ચાલી જતાં પરિવારજનોએ બારડોલી પોલીસ સ્ટેશનમાં ગુમ જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી. બારડોલીના અકસાનગરમાં રહેતી હુમેરા નિસારભાઈ આરિફભાઈ શેખ (19) ગત 15મીના રોજ સાંજે ચાર વાગ્યે તેના પિતરાઈ ભાઈ ઈર્શાદ સાથે મોટર સાઈકલ પર કામ અર્થે ગઈ હતી. કામ પૂર્ણ કર્યા બાદ તેની મોટર સાયકલ પર પરત ઘર તરફ આવી રહી હતી ત્યારે લિનિયર બસ સ્ટેન્ડ નજીક મોટર સાયકલ ઊભી રખાવી હુમેરા “હું આવું છું” તેમ કહી બસ સ્ટેન્ડ તરફ જતી રહી હતી. અને સુરત તરફ જતી એક બસમાં બેસી ગઈ હતી. ત્યારબાદ પરિવારજનોએ શોધખોળ કરવા છતાં હુમેરાનો કોઈ પત્તો ન લાગતા ગુરુવારના રોજ પરિવારજનોએ બારડોલી પોલીસ સ્ટેશનમાં ગુમ જાણવા જોગ ફરિયાદ કરતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.










▶ ભાસ્કર ઇમ્પેક્ટ | હાલ સલામતીની પ્રાથમિક વ્યવસ્થા ઊભી થઈ, જોકે આ જગ્યા ઉપર ટૂંક સમયમાં ઊંચો પુલ બને એવી ગ્રામજની માંગ


# અંત્રોલી-ઓવિયાણ વચ્ચે ખાડી પુલ પર રેલિંગ બની

ભાસ્કરન્યૂઝ | બારડોલી



અંત્રોલી ગામનુ પુલ પહોળો કરાયો

પલસાણા તાલુકાનાં અંત્રોલીથી ઓવિયાણ જતાં રોડ ઉપર આવેલ ખાડીના પુલને ઊંચો કરવાની માંગણી હતી. જોકે આ માંગણી સંતોષાઈ નથી. હાલમાં અંત્રોલીથી ઓવિયાણ જતાં રોડ પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. જોકે હાલમાં પુલની બંને બાજુએ વહીવટી તંત્રએ પુલ ઉપર સલામતીને ધ્યાનમાં લઈ રેલિંગ ફિટ કરવામાં આવી છે. જેથી હાલ સલામતીની પ્રાથમિક વ્યવસ્થા ઊભી થઈ છે. ગ્રામજનો આ જગ્યા ઉપર ટૂંક સમયમાં ઊંચો પુલ બને એવી માંગ કરી રહ્યા છે.

અંત્રોલીથી ઓવિયાણ જતાં માર્ગ પર આવેલ ખાડીના પુલને ઊંચો કરવા માટે સ્થાનિકો વર્ષોથી માંગણી કરી રહ્યા છે. તેમ છતાં સરકારી તંત્ર આ બાબતે કોઈ કામગીરી હાથ ન ધરતા આ પુલ પરથી પસાર થવું જોખમી બન્યું છે. અને હાલમાં આ રસ્તાને પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે.આવી પરિસ્થિતિમાં આ જગ્યા ઉપર અકસ્માતનો સતત ભય રહે તેવી સ્થિતિ સર્જાય હતી. ભૂતકાળમાં પણ આ જગ્યા ઉપર પુલ પરથી ખાડીમાં કાર ખાબકતા એક દંપતીએ જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. આ ઉપરાંત ચોમાસા દરમ્યાન આ ડૂબાવ પુલ ઉપરથી માણસો ખેંચાઈ જવાની ઘટનાઓ પણ બની હતી. જેથી આ પુલ પરથી પસાર થવું જોખમી બન્યું છે.

આવી સ્થિતિને ધ્યાને લઈ દિવ્યભાસ્કરમાં અહેવાલ પ્રસિધ્ધ થયો હતો. અને પુલના નવીનીકરણની કામગીરી તો મંજૂર થઈ નથી પરંતુ હાલમાં વહીવટી તંત્રએ પુલની બંને બાજુએ સલામતીને લઈ રેલિંગ બનાવવામાં આવી છે. હવે છેડછા ગામે બની રહેલા પુલની કામગીરી પૂર્ણ થયાબાદ આ પુલની મંજૂરી મળે એવી ગ્રામજનો માંગ કરી રહ્યા છે. જેથી કરી સુરત શહેરને પાછળના ભાગે જોડતા આ આંતરિક રસ્તો પણ ચોમાસા દરમ્યાન ચાલુ રહે.





